# ગાંધીનગરમાં વિજદર વધ્યો

**વિજળીના ભાવમાં યુનિટ દીઠ ૨૩ પૈસાનો વધારો વિજબીલમાં પણ ફેર જોવા મળશે : રહેણાંક અને કોર્મશિયલ વિજબીલમાં સરકારી વિજકર પણ વધતા વિજબીલમાં રૂ ૫૦ થી ૧૦૦ વધારો થશે : મોંઘવારીના કકળાટ વચ્ચે દિવાળી ટાંણે જ વિજ વપરાશ વધુ મોંઘો બન્યો**

ગાંધીનગર તા ૧

વિજ પ્રવાહ સપ્લાય કરવાના મામલે યુનિટ દીઠ રૂ ૨૩ પૈસાનો વધારો કરી દેવાતા વિજબીલની રકમમાં પણ વધારો થશે. યુનિટના ભાવમાં વધારા સાથે સરકારી વિજકર સાથે આ વધારો અંદાજિત રૂ ૨૭ પૈસા સુધી વિજગ્રાહકોએ વેઠવો પડશે. જયારે કોર્મશિયલ ઉપભોગ કર્તાઓએ પણ વધુ વિજબીલનો ભાર સહન કરવો પડશે. રહેણાંક વિસ્તારમાં પણ આ વધારાના લીધે બે મહીનાના વિજબીલમાં અંદાજિત ૨૦૦ યુનિટ કે તેથી વધુના વપરાશ સામે રૂ ૫૦ થી ૧૦૦ નો વધારો વેઠવાનો વારો આવશે તેમ મનાઈ રહ્યુ છે.

આમ નાગરિકો મોંઘવારીથી ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. જયારે જીવન જરૂરિયાતની દરેક ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચતા મધ્યમવર્ગ માટે રોજીંદી જરૂરીયાતો સંતોષવાનુ કામ પણ કપરુ બન્યુ છે. આવા સંજોગોમાં



વધતી મોંઘવારી વચ્ચે દિવાળીના ટાંણે જ વિજ સપ્લાયને અનુલક્ષી યુનિટમાં ૨૩ પૈસાના વધારો ઝીંકી દેવાયો છે. જયારે આ વધારની ઉપરાંત સરકારી વિજકર પણ રહેણાંક માટે ૧૫ ટકા અને કોર્મશિયલ માટે ૨૫ ટકા જેટલો લાગુ થતા ગ્રાહકોએ કુલ યુનિટ દીઠ વપરાશ સામે ૨૭ પૈસાનો વધારો વેઠવાનો વારો આવશે. જયારે આ સ્થિતિ વચ્ચે પ્રતિ બે માસના વિજબીલમાં પણ ફેરફાર જોવા મળશે. અલબત્ત રહેણાંક વિસ્તારમાં વિજળીના વપરાશ સામે વિજબીલની રકમમાં ઓછામાં ઓછા ૨૦૦ યુનિટના વપરાશ સામે અંદાજિત રૂ ૫૦ જેટલુ વિજબીલ વધશે. વિજવપરાશ માટેના અત્યાર સુધીના વિજબીલ સામે હવે પ્રતિ બે માસના વિજબીલમાં ગ્રાહકોએ યુનિટના વપરાશ સામે સરેરાશ ૫૦ થી ૧૦૦ રૂ સુધીનો વધારો વેઠવો પડશે. જયારે કોર્મશિયલ ઉપયોગ કર્તાઓએ યુનિટ દીઠ ભાવવધારા સામે સરકારી વિજ કર સાથે પણ વિજબીલમાં તગડો વધારો ચુકવવો પડશે. દિવાળીના તહેવાર ટાંણે આમ પણ મોંઘવારીના લીધે આમ નાગરિકો ત્રાહીમામ છે ત્યારે વિજળીના ફીક્સ યુનિટ દરમાં વધારો કરી દેવાતા આખરે આ ભાવવધારો ગ્રાહકોએ જ વેઠવાનો વારો આવશે. મોંઘવારીએ હદ વટાવી છે જયારે સામાન્ય નાગરિકોનુ જીવન દોજખ બની રહ્યુ છે. ત્યારે વિજબીલમાં થોડો પણ વધારો માસિક બજેટ ખોરવી નાંખશે તેવો આક્રોશ પણ પ્રબળ બન્યો છે.

# મેયરની ચૂંટણીનું પરિણામ જાહેર નહિ કરવા હાઈકોર્ટનું ફરમાન

**પક્ષાંતર ધારા ભંગની ફરિયાદનો સામનો કરતા મેયરનો મત સિલબંધ કવરમાં રાખો : વડી અદાલત**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મનપાના નવા હોદ્દેદારોની ચૂંટણીને આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે આજે એક નવો જ વળાંક આ ચૂંટણીને લઈ આવ્યો છે.

પક્ષાંતર ધારા ભંગની ફરિયાદનો સામનો કરી રહેલ મેયર પ્રવિણ પટેલનો મત સિલબંધ કવરમાં રાખવો તેમજ મેયરની ચૂંટણીનું પરિણામ પણ બંધ કવરમાં રાખવાનો આદેશ રાજ્યની વડી અદાલત દ્વારા કરવામાં આવ્યો છે.

એકાએક રાજકીય સ્થિતિમાં આવેલ બદલાવને પગલે બન્ને પક્ષો દ્વારા કાનૂન વિદો સાથે મસલતોનો દોર આરંભાઈ ચુક્યો છે.

૫ મી જાન્યુઆરીએ નવા મેયર અને ડે. મેયર, સ્ટેન્ડીંગ કમિટી માટે ચૂંટણી જંગ યોજાવાનો છે. જો કે રાજ્યની વડી અદાલતે અન્ય પરિણામો જાહેર કરવાની મંજૂરી આપેલી છે.

કોંગ્રેસના આગેવાનોને આ ચુકાદાની જાણ થતાં તેઓ અમદાવાદ જવા રવાના થયા છે તો ભાજપના આગેવાનોએ પણ તેમના લીગલ સેલ સાથે વાતચીતો શરૂ કરી દીધી હોવાનું જાણવા મળેલ છે.

મનપામાં હાલ ભાજપના ૧૭ સભ્યો પ્રવિણ પટેલ સાથે છે. જ્યારે કોંગ્રેસના સભ્યોની સંખ્યા ૧૫ છે. હવે નવી ચૂંટણીમાં શું સમીકરણો બને છે તે જોવાનું રહે છે. જો કે બન્ને પક્ષો હજુ તેમના કાર્ડ છાતી સરખા રાખી અને આગળ વધવાનું મુનાસીબ માની રહ્યા છે.

# ગાંધીનગર એ.પી.એમ.સી.માં ભારે મતદાનથી જંગ ખરાખરીનો બન્યો

**જિલ્લાના સહકારી જગતમાં ધડકનો વધારી દેતો આ જંગ નવા સમીકરણોના સંકેત આપે છે**





ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર માર્કેટ યાર્ડની આજે યોજાયેલ રસપ્રદ ચૂંટણી જંગ જિલ્લાના સહકારી આગેવાનોની ધડકનો વધારી દીધી છે. ૯૦ ટકા કરતાં પણ વધુ ભારે મતદાન આજની ચૂંટણીમાં થવા પામ્યુ છે.

એક તરફ જિલ્લાના સહકારી જગતના મોભીઓ તો બીજી તરફ સહકારી ક્ષેત્ર છોડી જનારા આગેવાનો અને યુવા સમર્થકોની અનુભવી રાજરમતના ખેલાડીઓની ટીમે ભારે ઉત્તેજનાનો માહોલ રાંધેજા માર્કેટ યાર્ડ સંકુલમાં જમાવ્યો હતો.

આજે યોજાયેલ આ ચૂંટણીમાં ખેડૂત વિભાગમાં ૧૬ અને વેપારી વર્ગમાં ૮ ઉમેદવારોએ જંગમાં ઝુકાવ્યુ છે. બન્ને બાજુથી રાજકીય રમતના ખેલાડીઓ સક્રિય હતા એટલા જ જાગૃત મતદારો પણ હતા.

● અનુસંધાન પાન-૭ પર

## લઘુત્તમ તાપમાન બે ડિગ્રી ગગડ્યું

ગાંધીનગર,તા.૧

શિયાળાની ઋતુનો આરંભ તઈ જવા છતાં હજુ સુધી હોવી જોઈએ તેવી ઠંડીની શરૂઆત થઈ હોય તેવો અહેસાસ હજુ સુધી થયો નથી. જો કે ગત અઠવાડિયા દરમિયાન મહત્તમ તાપમાનનો પારો ૧૬ ડિગ્રી સુધી નીચો ગયો હતો. પરંતુ વાતાવરણમાં પલ્ટો આવતાં તાપમાન ઉચકાયુ હતું. તે પછી આજે મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં એકાએક ઘટાડો જોવા મલ્યો છે.

ગ્લોબલ વોર્મીંગનાકારણે ઋતુ ચક્રની સિસ્ટમ ફેરવાઈ રહી હોવાની અસર વર્તાય છે. ગાંધીનગરમાં બેવડી ઋતુના કારણે રોગચાળો ફેલાઈ શકે તેવુ નિષ્ણાંતો કહી રહ્યાં છે.

# ભાજપે જાહેર કરેલી પ્રભારીઓની યાદીમાં ગાંધીનગરમાંથી એકપણ નામનો સમાવેશ નહીં

**લોકસભાની ચુંટણીને અનુલક્ષી ગાંધીનગર બેઠક માટે ભાજપના પ્રભારી તરીકે પૃથ્વીરાજ પટેલ જયારે સહઇન્ચાર્જ તરીકે આઇ બી વાઘેલાની નિમણુંક : ચુંટણીલક્ષી ગતિવિધિઓથી રાજકીય ગરમાવો**

ગાંધીનગર તા ૧

આગામી લોકસભાની ચુંટણીને અનુલક્ષી ભાજપે વિવિધ બેઠકોને અનુલક્ષી પ્રભારીઓની નિમણુક કરી દીધી છે. આજે બેઠક મુજબ પ્રભારી તેમજ ઈન્ચાર્જ અને સહઈન્ચાર્જના નામોની યાદી જાહેર કરી દેવામાં આવી છે. જયારે ગાંધીનગરની બેઠકને અનુલક્ષી પૃથ્વીરાજ ચુનીભાઈ પટેલની નિમણુંક કરવામાં આવી છે. તેઓ અગાઉ સાબરકાંઠામાં પ્રમુખ તરીકે પણ રહી ચુક્યા છે. જયારે સહ ઈન્ચાર્જ તરીકે જિલ્લા ભાજપના મહામંત્રી આઈ બી વાઘેલાને સ્થાન અપાયુ છે. જો કે નગરના સ્થાનિક કોઈ ભાજપના નેતાઓને કોઈ બેઠકને અનુલક્ષી પ્રભારીઓની યાદીમાં સ્થાન અપાયુ નથી. ચંટણીલક્ષી ગતિવિધિઓથી માહોલ ગરમાયો છે.

આગામી લોકસભાની ચુંટણીને અનુલક્ષી ગતિવિધિઓ હાથ ધરી દેવામાં આવી છે. ચુંટણી નજીક આવતા સ્થાનિક રાજકીય વર્તુળમાં પણ તરેહ તરેહની ચર્ચા તેમજ અનેક તર્ક વિતર્કો સાથે નેતાઓમાં ગણગણાટ જોવા મળી રહ્યો છે. જયારે ચુંટણી લક્ષી તૈયારીઓ પણ રાજકીય પક્ષોએ શરૂ કરી દીધી છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા આજે આગામી લોકસભાની ચુંટણીને અનુલક્ષીને વિવિધ બેઠકને અનુલક્ષી પ્રભારીઓને નિમણુંક અપાતા રાજકીય માહોલ ફરી એકવાર ગરમાયો છે. દિવાળી ટાંણે જ પક્ષ દ્વારા વિવિધ બેઠકો માટે પ્રભારીઓના નામોની યાદી જારી કરી દેવામાં આવી છે. લોકસભાની સિટને અનુલક્ષીને પ્રભારીઓને જવાબદારી સોંપી દેવામાં આવી છે. જેમાં આ યાદીમાં ગાંધીનગરમાંથી એક પણ નેતાને સ્થાન મળ્યુ નથી. જયારે ગાંધીનગરના પ્રભારી તરીકે સાબરકાંઠા ભાજપના પુર્વ પ્રમુખ પૃથ્વીરાજભાઈ ચુનીભાઈ પટેલ ઈન્ચાર્જ તરીકે રાણીપના હર્ષદભાઈ પટેલ અને સહ ઈન્ચાર્જ તરીકે આઈ બી વાઘેલાને

● અનુસંધાન પાન-૭ પર

## મગફળી ટેકાના ભાવે વેચવા ૫૦૬ ખેડૂતોએ પ્રથમ દિવસે રજીસ્ટ્રેશન કરાવ્યુ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં આજે ટેકાના ભાવે મગફળી ખરીદવા માટેના ઓનલાઈન રજીસ્ટ્રેશનને સારો પ્રતિસાદ સાંપડ્યો છે.

જિલ્લામાં ૩૧૬ હેક્ટર વિસ્તારમાં વાવેતર કરનાર ૫૦૬ ખેડૂતોએ આજે પ્રથમ દિવસે ટેકાના ભાવે વેચાણ કરવા માટેનું રજીસ્ટ્રેશન કરાવ્યુ છે.

જિલ્લામાં ટેકાના ભાવે આજથી રજીસ્ટ્રેશનની કાર્યવાહી દહેગામ ખાતે શરૂ થઈ છે. દહેગામ એક જ કેન્દ્ર હાલ મંજૂર થયેલ છે. ગત વર્ષની તુલનામાં આ વર્ષે મગફળીનું વાવેતર ૧૩૦૦ હેક્ટર જેટલુ વધ્યુ હતુ પરંતુ ચોમાસુ નબળુ રહેવા પામ્યુ છે જે નોંધનીય છે.

રાજ્ય સરકારે ડાંગર પછી મગફળીની પણ ટેકાના ભાવે ખરીદી કરવાનો નિર્ણય કર્યો છે. જેમાં આજથી રજીસ્ટ્રેશન શરૂ થયુ છે જ્યારે ૧૫મી નવેમ્બરથી ખરીદી શરૂ થશે જે ઉલ્લેખનીય છે.



ગાંધીનગરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ થતા શહેરમાં વિકાસ કામોએ હરણફાળ ભરી છે. નવા દ્રષ્ટીકોણ સાથે સ્વચ્છ અને દબાણમુક્ત નગરના નિર્માણ માટે તંત્રુ પ્રયત્નશીલ છે. જયારે સ્માર્ટ સીટી અન્વયે શહેરમાં ટ્રાફિક નિયમન અને માર્ગ સલામતીના પરિબળોને યોગ્ય કરવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. ચ-૩ સર્કલ પાસે બંધ કેમેરા તેમજ સિગ્નલ લાઈટ ચાલુ કરવા માટે કામગીરી શરૂ કરવામાં આવી છે.

# વાવોલની સોસાયટીમાં વાનરોનો આતંક : ત્રણને ઈજા

**એક વ્યકિતને ગંભીર ઇજા થતા સારવાર અર્થે અમદાવાદ ખસેડાયો : વાવોલના સાત્વિક હોમ સોસાયટીમાં વાનર ટોળકીએ તોફાન મચાવતા સ્થાનિકોમાં ફફડાટ**

ગાંધીનગર તા ૧

વાવોલની એક સોસાયટીમાં આજે વાનરોની ટોળકી તોફાને ચઢી હતી. આ દરમિયાન સોસાયટીમાં ઉછળકુદ કરતા તોફાની વાનરોએ એક મહીલા સહીત ત્રણ વ્યકિતને લોહીયાળ ઈજા પહોંચાડતા રહીશોમાં ભય પ્રવર્તાયો હતો. આખરે દિવાળી નજીકમાં હોવાથી રહીશોએ પોતાના ઘરમાંથી ફટાકડા કાઢીને ધડાકા કરીને વાનર ટોળકીના ત્રાસમાંથી છુટકારો મેળવ્યો હતો.

શહેરના સેકટરોમાં વાનરોની ટોળકી અવારનવાર તોફાને ચઢતી હોવાનો કકળાટ સાંભળવા મળે છે. જેમાં સેકટરોની સોસાયટીમાં ઉછળકુદ કરતા વાનરો ગમે ત્યારે રાહદારીઓ તેમજ સોસાયટીના રહીશો પર હુમલો કરતા હોવાના કીસ્સાઓ પણ અવારનવાર પ્રકાશમાં આવે છે. સોસાયટીમાં ઘરમાં ઘુસી જતા વાનરોના લીધે મહીલાઓના રસોઈઘરમાં પણ ખાદ્યસામગ્રી ઉઠાવીને લઈ જતા હોવાની ફરિયાદો પણ ઉઠવા પામે છે. વાનરોની તોડફોડથી સેકટરવાસીઓને ક્યારેક મોટુ નુકશાન તો ક્યારેક ગંભીર ઈજા થતી હોવાની ફરિયાદો દિનપ્રતિદિન વધી રહી છે. સેકટરોના કોમન પ્લોટમાં પાર્ક થયેલી કારને પણ વાનર ટોળકી

● અનુસંધાન પાન-૭ પર


દિપાવલીના તહેવારો માટે ફ્રેશ ડ્રાયફ્રુટ, ફેન્સી ડ્રાયફ્રુટ બોક્ષ
અરિહંત ડ્રાયફ્રુટ્સ
રૂ. ૨૦૦ થી ૨૫૦૦ સુધીની ૫૦ કરતાં વધુ વેરાઈટીઝના બોક્ષ
C/O રૂષભ એન્ટરપ્રાઈઝ પ્લોટ નં. ૪૦૩, સહજાનંદ કોમ્પલેક્ષ (બેઝમેન્ટ) સેક્ટર-૩૦ ચાર રસ્તા પાસે, અક્ષરધામ રોડ, ગાંધીનગર
હેમાંગ આર. ગાંધી 93777 23164
આર. ડી. ગાંધી 99241 23164

ગાંધીનગર માટે LED TV, LCD TV રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

ટચુકડી જાહેર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com